# ‘આધારસ્તંભ’

**આધારસ્તંભ પર અમે કવિતા મંગાવી હતી. તેને વાચકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. અમે અહીં શક્ય એટલી કવિતા સમાવી છે. વાચકો તમે ઉત્સાહભેર કવિતા મોકલતા રહેશો.**

## ‘વરસાદ’ પર કાવ્ય મોકલી આપો

વાચકોની ઘણા સમયથી માંગ હતી કે ‘સન્નારી’માં વાચકોની કવિતા પ્રકટ કરો. વાચકોની લાગણીને ધ્યાનમાં રાખી અમે વાચકોની કવિતા આપવાનું શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઈન્ટ્રેસ્ટીંગ બનાવવા દર અઠવાડિયે કવિતા માટે તમને એક વિષય આપવામાં આવશે. એના પર કાવ્ય લખી અમને મોકલી આપશો. **વાચકોને ખાસ વિનંતી કે કાવ્ય ટૂંકાં મોકલે જેથી વધુ કાવ્યો સમાવી શકાય. લાંબા કાવ્યને ગણતરીમાં લેવામાં આવશે નહિ.** આ વખતનો વિષય છે.‘વરસાદ’. તમારી મૌલિક કૃતિ અમને 27-06-26 સુધીમાં મળે એ રીતે પોસ્ટ, રૂબરૂ કે Email પર મોકલી આપશો.

Email:sannari@gujaratmitra.in

- **સંપાદક**



## ગઝલ

જે રાખું, સાચું રાખું.
વડીલો પ્રત્યે લાગણી રાખું.
લાકડીની જરૂર ના રહે,
દાદા-દાદીનો હાથ ઝાલી રાખું.
આધાર-સ્તંભ છે એ ઘરનાં,
એમની દુવાથી ઘર ભરી રાખું.
વારતા ક્યારેક હું કહું એમને,
બસ, વારતા કોઈ ઘડી રાખું.

**- ઈમરાનખાન ચાંદ (મુ.પો. કઠોર)**

## આધારસ્તંભ

પાનખર પ્રગટે ને પછી, આશા છે એક નવા પ્રભાતની,
વિપત્તિની વિકટ વેળાએ, અડગ રહે ધ્યેયસિધ્ધની આકાંક્ષા.
વેલને આલિંગે વૃક્ષ જેમ, બની સ્થિર આધારસ્તંભ,
એમ જ પ્રકૃતિના કણેકણમાં સમાયેલું છે અસ્તિત્વનું અખંડ સંબળ.
માતાના મમતાભર્યા આંચળે, વાત્સલ્યની વેણી વણાય,
પિતાના પરિશ્રમના પાવકથી, બને જીવનયાત્રા દીપ્તિમય
સંકટની ક્ષણોમાં મિત્રો, સહારો બની સાથ નિભાવે,
નિરાશાના નિર્જન રણમાં પણ વિશ્વાસનાં પુષ્પો ખીલવે.
સત્ય, કરુણા અને સહનશીલતા માનવતાના મજબૂત સ્તંભ,
જેના બળે સમાજ ટક્યો છે એ જ જીવનનો આધારસ્તંભ.
ચાલો, જીવનનાં પ્રાંગણમાં સદ્દગુણનું સર્જન કરીએ
આધારસ્તંભ સમા આદર્શોથી, ઉજ્જવળ યુગનુમ સર્જન કરીએ.

**ડો. યશ્વી પટેલ (સુરત)**



## આધારસ્તંભ

ક્ષય અને અક્ષયથી ઉપર આપણા પરમાત્મા,
જીવનરૂપી નૈયામાં હંમેશાં સથવારે,
સ્વરૂપ એક પણ રૂપ અનેક,
લાકડી ટેક્યા ઊભા સૃષ્ટિમાં,
માનવને ઘમંડ ‘હું’ નો અંધદ્રષ્ટિથી ભૂલ્યા
આધારસ્તંભને,
આભાર દિલથી એ દરેક આધારસ્તંભનો
ધગધગતા તડકામાં પણ રહ્યા પડખે અડીખમ.

**- સંજુ કમલ શાહ, (સુરત).**

## આધારસ્તંભ

અતૂટ શ્રદ્ધા છે ઈશ્વર ને પામવાનો આધારસ્તંભ..
કઠોર પરિશ્રમ છે સફળતા મેળવવાનો આધારસ્તંભ..
નાનપણમાં જે માં બાપ બન્યા તારો આધારસ્તંભ,
યુવાનીમાં તું બનજે એમનો આધારસ્તંભ..
દુઃખ અને તકલીફ ને ભૂલવા મિત્રો છે આધારસ્તંભ.
સંસારને સુખેથી માણવા જીવનસાથી છે આધારસ્તંભ..
આ ઘમંડી માણસ સમજે છે પોતાની જાતને ખૂબ મજબૂત આધારસ્તંભ.
ખબર નથી એને ‘આધાર કાર્ડ’ છે આ તારા અસ્તિત્વ નો આધારસ્તંભ..

**- હાર્દિક શાહ**

## આધારસ્તંભ

બાળકનું સ્મિત અને ઝળહળતું બાળપણ,
તું જ થી જ ઓ આધારસ્તંભ!
કુટુંબ માં હેત અને સંબંધો માં મીઠાશ,
તું જ થી જ ઓ આધારસ્તંભ!
જીવનની મહત્ત્વાકાંક્ષા અને સપનાઓ સાકાર,
તું જ થી જ ઓ આધારસ્તંભ!
જવાબોના સવાલ અને સવાલોના જવાબ,
વડીલ તમે જ આધારસ્તંભ!
અગ્નિ જળ પૃથ્વી વાયુ આકાશ,
જીવનના પાલન હાર
થેન્ક યુ આધારસ્તંભ!
દેશ ની ઉન્નતિ અને સુરક્ષા, નાગરિકો
ના હિત ને પાયા માં રાખનાર,
નરેન્દ્ર મોદી, ભારત ના આધારસ્તંભ!

**- દીપ્તિ હાથીવાળા ( ઓસ્ટ્રેલિયા)**



## આધારસ્તંભ એક થાંભલો નથી

આધારસ્તંભ એક થાંભલો નથી,
સંબંધોની એક અમૂલ્ય દોર છે.
પિતા, પરિવારનો મજબૂત આધારસ્તંભ.
હિંમતનાં દિપક, જીવનનાં માર્ગદર્શક.
માતા, પ્રેમનો અખૂટ આધારસ્તંભ.
ઘરનું હાસ્ય, સ્વર્ગનો સ્પર્શ.
ભાઈ, રક્ષાનો સબળ આધારસ્તંભ.
શરારતનો સાથી, શક્તિનો આધાર.
બહેન, લાગણીઓનો નાજુક આધારસ્તંભ.
અડગ સાથી, સ્નેહની સરિતા.
મિત્ર, વિશ્વાસનો સાચો આધારસ્તંભ.
જીવનમાં ઉમેરે રંગ, જીવનની મીઠી યાદ.
પરિવાર, અતૂટ સંબંધોનો આધારસ્તંભ.
પ્રેમનું મંદિર, જીવનનું સાચું સુખ.
પોતે બનું એક મજબૂત આધારસ્તંભ.
સહુનો સહારો, સહુનું ગૌરવ.
મારાં જીવનનાં સાચા આધારસ્તંભ અપાર.
“રાજી” હું, બનાવું મારું અસ્તિત્વ યાદગાર.

**- ડો. રાજલ સુખીયાજી ચલીયાવાલા (ફ્રાન્સ)**

## આધારસ્તંભ

આધારસ્તંભ બની ઊભા રહે જે,
સંકટમાં પણ ના ડગે કદી;
પોતે સહન કરે ભાર ઘણો,
પણ આપે સૌને હિંમત નવી.
પ્રેમ, વિશ્વાસ અને સંસ્કારથી,
જીવનનું મજબૂત ઘર બને;
આધારસ્તંભ જેવા માણસથી,
પરિવાર અને સમાજ ટકે.

-અંકુરભાઈ ગુલાબભાઈ લાડ(બામણવેલ)

## તું જ સાચો આધારસ્તંભ...

મોહ-માયાના આ જગતમાં, મેં તો ઘણાંય ટેકા જોયા,
સમય આવ્યે ખરી પડે, એવાં પાંદડાં પણ જોયા.
પણ કદી ના બદલાય એવો, એક માત્ર તારો સાથ છે,
મારા જીવનનો આધારસ્તંભ, તું જ મારો નાથ છે.
ચારેય તરફ અંધારું હોય ને, કોઈ રાહ ના જડે,
ત્યારે તારી દયાનો દીવો, મુજને આવીને મળે.
સંસારના આ સાગરમાં, હોડી ભલેને ડોલતી,
તું નાવિક બની સંભાળે, જ્યારે નાવ મારી મૂંઝાતી.
નથી જોઈતો વૈભવ-વિલાસ, કે ખોટો ઠાઠ આ સંસારનો,
બસ, તારો ભરોસો જ પ્રભુ, સાચો આધારસ્તંભ છે જીવનનો.

- નિરાલી

## હાઈકુ

* પિતા અમારા,
આધારસ્તંભ હતા
હવે ક્યાં શોધું?
* સૂર્ય કિરણ
ઊર્જા માટેનો એક આધારસ્તંભ.
...
* તરુવર છે
પ્રાણવાયુનો એક,
આધારસ્તંભ.

કિશોર આર. ટંડેલ, નવસારી

## આધાર

હે, નિરંજનનિરાકાર ,
નમું તુજને વારંવાર.
નિરાધારનોતું આધાર,
તારીલીલાં અપરંપાર.
પશુ પંખીનોતું આધાર,
ધરતી, અંબર,નદી, સરવર,
ને સાગરનોતું છે રખેવાળ,
જળમાં તું સ્થળમાં તું ,
તું જગગનમાં વ્યાપી.
તું જવિનાનઆરોકે ઓવારો,
તું માનવજીવનનોસહારો.

**-હિતેન્દ્રટેલર -નવસારી.**

## મારા ઘરનો આધારસ્તંભ

ના ખોટો ડોળ એને કે ના કોઈ એને દંભ,
મારા પિતા છે, મારા ઘરનો આધારસ્તંભ.
એના ખભે બેસીને રમતાં, ક્યારેક રડતાં,
ધમાલ મસ્તી કરીએ છતાં, વ્હાલ એ વરસાવતાં,
આખા ઘરનો ભાર ઝીલે છે, એ મારા ઘરનો મોભ.
કરે નોકરી આખો દિ અને રાતે આવે ઘરે,
કંટાળે ના લગીર પરંતુ એ પ્રેમનું ઓજસ ધરે,
અમારા કાજે ખડકી દે એ રમકડાંઓના સ્તંભ.
ઘરને ઊંચું લાવવા એ અથાગ પરિશ્રમ કરે,
લાખો રૂકાવટો આવે પણ ના એ હિંમત હારે,
પરિવાર કાજે એ રહે બનીને જાણે ઊભો ખંભ.
માતપિતાની કરે ચાકરી, પત્નીને કરે મદદ,
ઘર કાજે સર્વસ્વ લૂંટાવે, મહેનત કરે અનહદ,
પ્રણામ છે મારા પિતાને છે ઘરનો આધારસ્તંભ.

**- યોગેશભાઈ આર જોશી હાલોલ**

## અછાંદસ

રંક માબાપે
‘ પેટે પાટા બાંધી’,
દીકરી કૃપાને
ભણાવી
બનાવી ડોક્ટર.
એક રાતે હોસ્પિટલથી
ઘરે આવતા
પૂલ પર અચાનક અકસ્માતે
ઊડી ગયું પ્રાણપંખેરુ કૃપાનું.
દીકરી કૃપા જ હતી
રંક મા -બાપનો
‘આધાર સ્તંભ’.
-હવે વિના આધારસ્તંભે ,
વલ્લરી હેઠે પડી
શોધે ઈશ્વર કૃપાનો
એકમાત્ર ‘આધારસ્તંભ’!

**-રમેશ પટેલ (સુરત)**

## ગઝલ

મંદ મુશ્કુરાઈને આધાર દો
મીઠી વાણી બોલીને આધાર દો
ઘરને ઊભું રાખતા એ મોભી છે,
ક્ષેમકુશળ પૂછીને આધાર દો.
ટાઢ-તડકો કેટલાં વેઠ્યાં હશે!
હૂંફ એને આપીને આધાર દો.
મહામૂલો એ ‘કાર્ડ’ છે સુખ શાંતિનો,
ગુણ એના ગાઈને આધાર દો.
બેઉ છેડેથી શરૂઆત કરજો હોં!
સાચા દિલથી ચાહીને આધાર દો!
નાનાંમોટાં સૌ વડે ભરચક, તે ઘર!
પુષ્પગુચ્છ એ માનીને આધાર દો!
મૂછે લીંબુ બાંધનારા મોભી હે,
પાયાને પિછાણીને આધાર દો!

**- બકુલેશ દેસાઈ**